सत्यमेव जयते

| | |
|---|---|
| કેસ આવ્યા તારીખ | ૦૧/૧૧/૨૦૧૮. |
| કેસ દાખલ તારીખ | ૦૧/૧૧/૨૦૧૮. |
| કેસ નિકાલ તારીખ | ૩૦/૦૬/૨૦૨૬. |
| અવધિ | વર્ષ–માસ–દિવસ |
| | ૦૭ – ૦૮ – ૦૦ |
| **આંક** | |

# FORM - A

## મે. સુરતના સ્પેશ્યલ જજ સાહેબની કોર્ટમાં, મુકામ : બારડોલી.

## સ્પે. એટ્રોસીટી કેસ નંબર : ૫/૨૦૧૮.

| | |
|---|---|
| **પોલિસ સ્ટેશન** | માંડવી પોલિસ સ્ટેશન. |
| **ગુના રજિસ્ટર નંબર** | ફસ્ટ ગુના રજી. નંબર : ૭૫/૨૦૧૮. |
| **આક્ષેપિત ગુનો** | ભારતીય દંડ સંહિતાની કલમ–૩૨૩, ૩૨૪, ૫૦૪, ૧૧૪, અનુસૂચિત જાતિ–અનુસૂચિત જનજાતિ (અત્યાચાર નિવારણ) સુધારણા અધિનિયમની : ૨૦૧૫ ની કલમ–૩(૧)(આર), ૩(૨)(૫–અ) મુજબ. |
| **ફરિયાદી** | શ્રી સરકાર (સ્ટેટ ઓફ ગુજરાત). |
| **વિ. એ.પી.પી.** | શ્રી એન. એચ. પટેલ. |
| **આરોપીઓ** | (૧) જુબેરખાન યાહ્યાખાન પઠાણ.<br>(૨) ઈમરાનખાન યાહ્યાખાન પઠાણ.<br>(૩) મોહસીનખાન યાહ્યાખાન પઠાણ. |
| **આરોપીઓ તરફે વિ. વકીલ** | શ્રી ઝેડ. વાય. જસાત. |

# FORM - B

| | |
|---|---|
| **ગુનો બન્યા તારીખ** | ૩૧/૦૭/૨૦૧૮. |
| **ફરિયાદની તારીખ** | ૦૧/૦૮/૨૦૧૮. |
| **ચાર્જશીટની તારીખ** | ૦૧/૧૧/૨૦૧૮. |
| **તહોમતનામું ફરમાવ્યાની તારીખ** | ૦૧/૦૯/૨૦૨૨. |
| **પુરાવો શરૂ કર્યાની તારીખ** | ૨૩/૦૮/૨૦૨૩. |
| **ચુકાદો અનામત રાખ્યાની તારીખ** | ૨૨/૦૬/૨૦૨૬. |
| **ચુકાદાની તારીખ** | ૩૦/૦૬/૨૦૨૬. |
| **સજાના હુકમની તારીખ જો કોઇ હોય તો** | લાગુ પડતું નથી. |

## –:: આરોપીઓની વિગત ::–

| | |
|---|---|
| **આરોપી નંબર : ૧ નું નામ** | જુબેરખાન ચાહ્યાખાન પઠાણ,<br>રહેવાસી : માંડવી, ખેંગાર નવું ફળીયું,<br>તાલુકો : માંડવી, જીલ્લો : સુરત. |
| **ધરપકડની તારીખ** | ૦૨/૦૮/૨૦૧૮. |
| **જામીન ઉપર મુકત કરવામાં આવેલ હોય તો તેની તારીખ** | ૧૦/૦૮/૨૦૧૮. |
| **કયા ગુનાનો આક્ષેપ છે** | ભારતીય દંડ સંહિતાની કલમ–૩૨૩, ૩૨૪, ૫૦૪, ૧૧૪, અનુસૂચિત જાતિ–અનુસૂચિત જનજાતિ (અત્યાચાર નિવારણ) સુધારણા અધિનિયમની : ૨૦૧૫ની કલમ–૩(૧)(આર), ૩(૨)(૫–અ) મુજબ. |
| **નિર્દોષ છોડવામાં આવ્યા કે કસૂરવાર** | શંકાનો લાભ આપી છોડી મૂકયા. |
| **શું સજા કરી** | લાગુ પડતું નથી. |
| **ક્રિમિ. પ્રોસી. કોડની કલમ–૪૨૮ મુજબ ટ્રાયલ પડતર હોય તેવા સમય દરમ્યાન કેટલો સમય કાચા કામના કેદી તરીકે રહેલા છે** | ૮–દિવસ. |

| | |
|---|---|
| **આરોપી નંબર : ૨ નું નામ** | ઈમરાનખાન યાહ્યાખાન પઠાણ,<br>રહેવાસી : માંડવી, ખેંગાર નવું ફળીયું,<br>તાલુકો : માંડવી, જીલ્લો : સુરત. |
| **ધરપકડની તારીખ** | ૦૨/૦૮/૨૦૧૮. |
| **જામીન ઉપર મુકત કરવામાં આવેલ હોય તો તેની તારીખ** | ૧૦/૦૮/૨૦૧૮. |
| **કયા ગુનાનો આક્ષેપ છે** | ભારતીય દંડ સંહિતાની કલમ–૩૨૩, ૩૨૪, ૫૦૪, ૧૧૪, અનુસૂચિત જાતિ–અનુસૂચિત જનજાતિ (અત્યાચાર નિવારણ) સુધારણા અધિનિયમની : ૨૦૧૫ની કલમ–૩(૧)(આર), ૩(૨)(૫–અ) મુજબ. |
| **નિર્દોષ છોડવામાં આવ્યા કે કસૂરવાર** | શંકાનો લાભ આપી છોડી મૂકયા. |
| **શું સજા કરી** | લાગુ પડતું નથી. |
| **ક્રિમિ. પ્રોસી. કોડની કલમ–૪૨૮ મુજબ ટ્રાયલ પડતર હોય તેવા સમય દરમ્યાન કેટલો સમય કાચા કામના કેદી તરીકે રહેલા છે** | ૮–દિવસ. |

| | |
|---|---|
| **આરોપી નંબર : ૩ નું નામ** | મોહસીનખાન યાહ્યાખાન પઠાણ,<br>રહેવાસી : માંડવી, ખેંગાર નવું ફળીયું,<br>તાલુકો : માંડવી, જીલ્લો : સુરત. |
| **ધરપકડની તારીખ** | ૦૨/૦૮/૨૦૧૮. |
| **જામીન ઉપર મુકત કરવામાં આવેલ હોય તો તેની તારીખ** | ૧૦/૦૮/૨૦૧૮. |
| **કયા ગુનાનો આક્ષેપ છે** | ભારતીય દંડ સંહિતાની કલમ–૩૨૩, ૩૨૪, ૫૦૪, ૧૧૪, અનુસૂચિત જાતિ–અનુસૂચિત જનજાતિ (અત્યાચાર નિવારણ) સુધારણા અધિનિયમની : ૨૦૧૫ની કલમ–૩(૧)(આર), ૩(૨)(૫–અ) મુજબ. |
| **નિર્દોષ છોડવામાં આવ્યા કે કસૂરવાર** | શંકાનો લાભ આપી છોડી મૂકયા. |
| **શું સજા કરી** | લાગુ પડતું નથી. |

| | |
|---|---|
| **ક્રિમિ. પ્રોસી. કોડની કલમ–૪૨૮ મુજબ ટ્રાયલ પડતર હોય તેવા સમય દરમ્યાન કેટલો સમય કાચા કામના કેદી તરીકે રહેલા છે** | ૮–દિવસ. |

## FORM - C

### (એ) ફરિયાદપક્ષના મૌખિક પુરાવાઓની વિગત :–

| ક્રમ | સાહેદનું નામ | વિગત | આંક |
|---|---|---|---|
| (૧) | દીપુબેન હિતેશભાઇ ગામી. | ફરિયાદી | ૧૩ |
| (૨) | હિતેશભાઇ જમુભાઇ ગામીત. | સાહેદ | ૧૬ |
| (૩) | દિલીપભાઇ સુખાભાઇ રાઠોડ. | સાહેદ | ૧૭ |
| (૪) | રાકેશભાઇ મોહનભાઇ રાઠોડ. | સાહેદ | ૧૮ |
| (૫) | આરતીબેન રાકેશભાઇ રાઠોડ. | સાહેદ | ૧૯ |
| (૬) | અમીતાબેન ધર્મેશભાઇ રાઠોડ. | સાહેદ | ૨૦ |
| (૭) | ધીરૂભાઇ દુર્લભભાઇ રાઠોડ. | સાહેદ | ૨૧ |
| (૮) | જયેશભાઇ બચુભાઇ ઢીમ્મર. | પંચ સાહેદ | ૨૪ |
| (૯) | ઠાકોરભાઇ નગીનભાઇ તવડીયા. | પંચ સાહેદ | ૩૦ |
| (૧૦) | ડૉ. પ્રતિકસિંહ પ્રકાશસિંહ દેસાઇ. | તબીબી સાહેદ | ૩૪ |
| (૧૧) | ડૉ. જીગ્નેશભાઇ પ્રવિણભાઇ ઢોડીયા. | તબીબી સાહેદ | ૩૭ |
| (૧૨) | ડૉ. કાનન મહાવીર દત્તાણી. | તબીબી સાહેદ | ૪૦ |
| (૧૩) | અસલમ ઐયુબભાઇ શેખ. | સાહેદ | ૪૨ |
| (૧૪) | જયોતિબેન મહેન્દ્રભાઇ ચૌધરી. | સાહેદ | ૪૩ |
| (૧૫) | મુસ્તાકભાઇ સાલેભાઇ રાવત. | સાહેદ | ૪૫ |
| (૧૬) | સલીમભાઇ કાલુભાઇ મનસુરી. | સાહેદ | ૪૬ |
| (૧૭) | રંજનબેન ભીખુભાઇ ગાવીત. | પોલિસ સાહેદ | ૫૪ |
| (૧૮) | જગદીશભાઇ ઇશ્વરભાઇ વસાવા. | તપાસ અધિકારી | ૫૭ |

## (બી) ફરિયાદપક્ષના દસ્તાવેજી પુરાવાઓની વિગત :–

| ક્રમ | દસ્તાવેજોની વિગત | આંક |
|---|---|---|
| (૧) | ફરિયાદ. | ૧૪ |
| (૨) | ફરિયાદીની જાતિનો દાખલો. | ૧૫ |
| (૩) | ગુનાવાળી જગ્યાનું પંચનામું. | ૨૫ |
| (૪) | આરોપીઓનું અટક પંચનામું. | ૩૧ |
| (૫) | હિતેશભાઇના મેડિકલ સર્ટીફીકેટસ. | ૩૫ અને ૩૬ |
| (૬) | દીપુબેનના મેડિકલ સર્ટીફીકેટસ. | ૩૮ અને ૩૯ |
| (૭) | આરોપી મોહસીનખાનની સારવારનું સર્ટીફીકેટ. | ૪૧ |
| (૮) | સ્ટેશન ડાયરીના ઉતારાની નકલ. | ૫૫ |
| (૯) | તપાસ અધિકારીની નિમણૂંક અંગેનો હુકમ. | ૫૮ |
| (૧૦) | સૂચિપત્ર. | ૫૯ |

## –:: ચુકાદો ::–

(૧) હાલના કેસના આરોપીઓ સામે ભારતીય દંડ સંહિતાની કલમ–૩૨૩, ૩૨૪, ૫૦૪, ૧૧૪, અનુસૂચિત જાતિ–અનુસૂચિત જનજાતિ (અત્યાચાર નિવારણ) સુધારણા અધિનિયમની : ૨૦૧૫ ની કલમ–૩(૧)(આર), ૩(૨)(૫–અ) મુજબના ગુનાઓનો આક્ષેપ છે.

(૨) ફરિયાદપક્ષના કેસની ટૂંકમાં હકીકત જોઇએ તો એ મુજબની છે કે, આરોપીઓએ અગાઉ ફરિયાદી દીપુબેન હિતેશભાઇ ગામીત સાથે થયેલ ઝઘડા બાબતની અદાવત રાખી તારીખ : ૩૧/૦૮/૨૦૧૮ ના રોજ ૨૦:૦૦ વાગ્યાના સુમારે અંબાજી રોડ, માછીવાડ, માંડવી ખાતે ફરિયાદીના ઘર આગળ જઇ "તમે દુબળા સુધરવાના નથી અને લડાઇ–ઝઘડો કરવામાંથી ઉપર આવવાના નથી." તેમ કહી જાતિ વિષયક ગાળો આપી ઇરાદાપૂર્વક અપમાનિત કરેલા અને ફરિયાદી તથા તેઓના પતિ હિતેશભાઇને ઢીકમુક્કીનો માર મારેલ, આરોપી નંબર : ૩ નાએ પોતાના હાથમાંની લાકડીથી ફરિયાદીને માથામાં સપાટો મારેલ તથા હિતેશભાઇને શરીરે સપાટા

મારી ઈજાઓ પહોંચાડેલ. આ બનાવ અંગે ફરિયાદી દીપુબેન ગામીતે માંડવી પોલિસ સ્ટેશનમાં ફરિયાદ આપતાં માંડવી પોલિસ સ્ટેશન ફર્સ્ટ ગુના રજી. નંબર : ૭૫/૨૦૧૮ થી ગુનો નોંધવામાં આવેલ.

(૩) ત્યાર બાદ તપાસનીશ અધિકારીએ સદર ગુનાના કામે તપાસ કરેલ અને તપાસના અંતે આ કામના આરોપીઓ વિરૂદ્ધ પૂરતાં પુરાવા જણાતાં ભારતીય દંડ સંહિતાની કલમ–૩૨૩, ૩૨૪, ૫૦૪, ૧૧૪, અનુસૂચિત જાતિ–અનુસૂચિત જનજાતિ (અત્યાચાર નિવારણ) સુધારણા અધિનિયમની : ૨૦૧૫ ની કલમ–૩(૧)(આર), ૩(૨)(૫–અ) મુજબના ગુનાઓનું ચાર્જશીટ અત્રેની અદાલતમાં દાખલ કરેલું, જેને સ્પે. એટ્રોસીટી કેસ નંબર : ૫/૨૦૧૮ આપવામાં આવેલ.

(૪) આ કામના આરોપીઓ જામીન ઉપર મુકત થયેલા છે. આરોપીઓને ચાર્જશીટનાં કેસ પેપર્સની નકલો વિનામૂલ્યે મળ્યાની ખાતરી કર્યા બાદ આરોપીઓ વિરૂદ્ધ આંક : ૫ થી તહોમતનામું ફરમાવી આરોપીઓને તે વાંચી, સંભળાવી, સમજાવી આરોપીઓનો અનુક્રમે આંક : ૬ થી આંક : ૮ સુધીના જવાબ લેતાં આરોપીઓએ ગુનો કબૂલ ન હોવાનું જણાવેલ અને પોતાના વિરૂદ્ધની ઈન્સાફી કાર્યવાહી ચલાવવા માંગણી કરેલ.

(૫) ફરિયાદપક્ષ તરફથી આરોપીઓ સામેના આક્ષેપો પૂરવાર કરવા માટે ઉપરોકત ફોર્મ "સી" મુજબના મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવાઓ રજૂ થયેલા છે.

(૬) સદર કામે ફરિયાદપક્ષ ફરિયાદપક્ષનો પુરાવો પૂરો થયા બાદ આરોપીઓનું ક્રિમિ. પ્રોસી. કોડની કલમ–૩૧૩ મુજબ વિશેષ નિવેદન નોંધવામાં આવેલ છે, જેમાં આરોપીઓએ પોતાની વિરૂદ્ધ રજૂ થયેલ પુરાવાની આક્ષેપિત હકીકતોનો ઈન્કાર કરેલ છે. તેઓએ વિશેષમાં જણાવેલ છે કે, અંગત અદાવતના કારણે ખોટી ફરિયાદ કરી ખોટું ચાર્જશીટ કરવામાં આવેલ છે.

(૭) આ કામે ફરિયાદપક્ષ તરફે વિ. એ.પી.પી. શ્રી એન. એચ. પટેલની તથા આરોપીઓ તરફે વિ. વકીલ શ્રી ઝેડ. વાય. જસાતની દલીલો સાંભળી.

(૮) સરકાર પક્ષે વિ. એ.પી.પી. શ્રી એન. એચ. પટેલે રજૂઆત કરેલ છે કે, સદર કામના ફરિયાદી અનુસૂચિત જનજાતિના સભ્ય હોવાની હકીકત ફરિયાદપક્ષ સાહેદોના પુરાવાથી તથા દસ્તાવેજી પુરાવાથી પૂરવાર કરી શકેલ છે. ફરિયાદીના પુરાવાથી સમગ્ર બનાવ પૂરવાર થાય છે. ફરિયાદીનો પુરાવો જોતાં ગાડીની ટક્કર બાબતે ઝઘડો થયેલ હોવાની તથા આરોપીઓએ માર મારેલ હોવાની તથા લાકડાનો સપાટો મારેલ હોવાની હકીકત સ્પષ્ટપણે પૂરવાર થાય છે. ફરિયાદીના પુરાવાને સાહેદ હિતેશભાઇના પુરાવાથી પણ સમર્થન મળે છે. ફરિયાદી તથા સાહેદ હિતેશભાઇએ આરોપીઓને ઓળખી બતાવેલ છે. ફરિયાદી તથા તેણીના પતિને બનાવમાં ઈજા થતાં તેઓએ સારવાર લીધેલ, જે હકીકતને ડૉકટર સાહેદોના પુરાવાથી સમર્થન મળે છે. સાહેદ અમિતાબેન તથા ધીરૂભાઇના પુરાવાથી પણ બનાવને સમર્થન મળે છે. સદર કામે ગુનામાં વપરાયેલ લાકડી પણ કબજે કરવામાં આવેલ છે. પોલિસ સાહેદોએ પોતાની ફરજના ભાગરૂપે કરેલ કામગીરી અંગેનો પુરાવો આપેલ છે. ફરિયાદી સહિતના સાહેદોના પુરાવાથી આરોપીઓની બનાવ સ્થળ ઉપરની હાજરી તથા તેઓએ ફરિયાદી તથા હિતેશભાઇને ઈજા પહોંચાડેલ હોવાની હકીકત પૂરવાર થાય છે. તમામ પુરાવાઓ ધ્યાને લેતાં ફરિયાદી અનુસૂચિત જનજાતિના સભ્ય હોવાનું જાણવા છતાં આરોપીઓએ તેઓ સાથે લડાઇ, ઝઘડો કરી, માર મારી, લાકડીના સપાટા મારી ગુનો કરેલ હોવાનું સ્પષ્ટપણે પૂરવાર થાય છે. આમ, ફરિયાદપક્ષ મૌખિક તથા દસ્તાવેજી પુરાવાઓથી આરોપીઓ સામેનો કેસ પૂરવાર કરી શકેલ હોવાથી આરોપીઓને આક્ષેપિત ગુનાઓ અંગે દોષિત ઠરાવી સખ્ત સજા કરવા વિનંતી કરેલ છે.

(૯) આ કામના આરોપીઓ તરફે વિ. વકીલ શ્રી ઝેડ. વાય. જસાતની રજૂઆત છે કે, ફરિયાદી અનુસૂચિત જનજાતિના સભ્ય હોવાની હકીકત પૂરવાર થાય છે, પરંતુ આરોપીઓએ ફરિયાદીને જાતિ વિષયક અપશબ્દો કહી જાહેરમાં અપમાનિત કર્યા હોય તેવો કોઇ પુરાવો જણાઇ આવતો નથી. ફરિયાદી તથા તેમના પતિના પુરાવામાં બનાવ સંદર્ભે વિરોધાભાસ જણાઇ આવે છે. કયા આરોપી દ્વારા ગાડીથી ટક્કર લાગેલ તે

અંગેનો સ્પષ્ટ પુરાવો રેકર્ડ ઉપર જણાતો નથી. આરોપીઓએ ઈજા પહોંચાડેલ હોવાનું ફરિયાદી તથા સાહેદ હિતેશભાઇ જણાવે છે, પરંતુ તેઓનો પુરાવો જોતાં ગુનામાં વપરાયેલ હથિયાર અંગે વિરોધાભાસી હકીકત જણાઈ આવે છે. ફરિયાદી જણાવે છે કે, લોખંડના દંડાથી ઈજા કરવામાં આવેલ, જયારે હિતેશભાઇ લાકડાના દંડાથી ઈજા કરવામાં આવેલ હોવાનું જણાવે છે. કયા આરોપીએ ગુનામાં શું ભાગ ભજવેલ, કયા આરોપીના હાથમાં હથિયાર હતું તે અંગેનો સ્પષ્ટ પુરાવો જણાતો નથી. સાહેદ અમિતાબેન સરતપાસમાં બનાવને સમર્થન આપેલ છે, પરંતુ ઊલટતપાસમાં બનાવની જાત માહિતી ન હોવાનું જણાવે છે. સાહેદ ધીરૂભાઇનો પુરાવો મોઘમ સ્વરૂપનો છે. કયા આરોપીએ ગુનામાં શું ભૂમિકા ભજવેલ તે અંગેની હકીકત તેઓના પુરાવામાંથી જણાઈ આવતી નથી. અન્ય સાહેદોએ સમર્થન આપેલ ન હોવાથી ફરી ગયેલા સાહેદ તરીકે જાહેર કરવામાં આવેલા છે. પંચ સાહેદોએ પંચનામાની હકીકતોને સમર્થન આપેલ નથી. પોલિસ સાહેદોના પુરાવામાંથી આરોપીઓ વિરૂદ્ધની કોઇ હકીકત જણાઇ આવતી નથી. આમ, ઉપરોકત તમામ હકીકતો ધ્યાને લેતાં ફરિયાદપક્ષ આરોપીઓ સામેનો કેસ નિઃશંકપણે પૂરવાર કરી શકેલ નથી, તેથી આરોપીઓને નિર્દોષ ઠરાવી છોડી મૂકવા વિનંતી કરેલ છે.

(૧૦) આ કામે બંને પક્ષની રજૂઆતો અને પુરાવાઓને ધ્યાને લઇ કેસના ન્યાય નિર્ણય માટે નીચે મુજબના મુદ્દાઓ ઊપસ્થિત થયેલા છે.

**–:: મુદ્દાઓ ::–**

(૧) શું ફરિયાદપક્ષ એ હકીકત નિઃશંકપણે પૂરવાર કરે છે કે, ફરિયાદી સાથેના અગાઉના ઝઘડાની અદાવત રાખી આરોપીઓએ તારીખ : ૩૧/૦૮/૨૦૧૮ ના રોજ ૨૦:૦૦ વાગ્યાના સુમારે અંબાજી રોડ, માછીવાડ, માંડવી ખાતે ફરિયાદીના ઘર આગળ જઇ "તમે દુબળા સુધરવાના નથી અને લડાઇ–ઝઘડો કરવામાંથી ઉપર આવવાના નથી." તેમ કહી જાતિ વિષયક ગાળો આપી ઈરાદાપૂર્વક અપમાનિત કરી, ફરિયાદી તથા તેઓના પતિ હિતેશભાઇને

ઢીકમુક્કીનો માર મારી, આરોપી નંબર : ૩ નાએ લાકડીથી ફરિયાદીને માથામાં સપાટો મારી તથા હિતેશભાઇને શરીરે સપાટા મારી ઈજાઓ પહોંચાડી ભારતીય દંડ સંહિતાની કલમ–૩૨૩, ૩૨૪, ૫૦૪, ૧૧૪, અનુસૂચિત જાતિ–અનુસૂચિત જનજાતિ (અત્યાચાર નિવારણ) સુધારણા અધિનિયમની : ૨૦૧૫ ની કલમ–૩(૧)(આર), ૩(૨)(૫–અ) મુજબના શિક્ષાને પાત્ર ગુનાઓ કરેલા છે?

(૨) શું હુકમ?

(૧૧) ઉપરોકત મુદ્દાઓના મારા નિર્ણયો નીચે મુજબ છે.

**–:: નિર્ણયો ::–**

(૧) નકારમાં.

(૨) આખરી હુકમ મુજબ.

**–:: કારણો ::–**

**મુદ્દા નંબર – ૧ :–**

(૧૨) આ કામના આરોપીઓ સામે ભારતીય દંડ સંહિતાની કલમ–૩૨૩, ૩૨૪, ૫૦૪, ૧૧૪, અનુસૂચિત જાતિ–અનુસૂચિત જનજાતિ (અત્યાચાર નિવારણ) સુધારણા અધિનિયમની : ૨૦૧૫ ની કલમ–૩(૧)(આર), ૩(૨)(૫–અ) મુજબના ગુનાઓનો આક્ષેપ છે. ફરિયાદપક્ષે આરોપીઓ સામેનો કેસ પૂરવાર કરવા માટે મૌખિક તથા દસ્તાવેજી પુરાવાઓ રજૂ કરેલા છે, જે પુરાવાઓનું મૂલ્યાંકન કરી આરોપીઓએ આક્ષેપિત ગુનો કરેલ છે કે કેમ તેનો નિર્ણય કરવાનો રહે.

(૧૩) સદર કામે ફરિયાદી દીપુબેન હિતેશભાઇ ગામીતને આંક : ૧૩ થી તપાસવામાં આવેલા છે. ફરિયાદી જણાવે છે કે, તેઓ અનુસૂચિત જનજાતિના સભ્ય છે. ફરિયાદી બનાવના દિવસે પોતાના પતિ પાસે પૈસા લેવા મુન્નાભાઇની દુકાને ગયેલા અને ત્યાંથી પરત જતા હતા ત્યારે માછીવાડમાં મોટરસાઇકલવાળા સાથે ટક્કર વાગતાં ફરિયાદી ગાડીવાળાને

બોલેલા, જેથી ગાડીવાળી વ્યક્તિએ તેમને ગાળો આપી લાત મારેલ અને ત્યાર બાદ લોકોએ આવી તેઓને છૂટા પાડતાં ફરિયાદી પોતાના પિતાના ઘરે ગયેલા, જયાં જાવીદ, જુબેર તથા બીજા માણસો મળી કુલ ચાર–પાંચ માણસો આવેલા અને તે લોકોએ ફરિયાદીને માર મારેલ. જુબેરભાઇએ માથામાં સપાટો મારેલો તથા ફરિયાદીના પતિને શરીરે કમરમાં તથા હાથ પર સપાટો મારેલો અને બનાવમાં ફરિયાદીના ભાઇ ધર્મેશને પણ વાગેલ. ફરિયાદીને પ્રથમ માંડવી સરકારી દવાખાનામાં અને ત્યાર બાદ સરદાર હોસ્પિટલ, બારડોલી લઇ જવામાં આવેલા અને આંક : ૧૪ ની ફરિયાદ આપેલી. આંક : ૧૫ થી ફરિયાદીની જાતિનો દાખલો રજૂ થયેલ છે. ફરિયાદીને સારવાર આપનાર ડૉ. જીગ્નેશભાઇ પ્રવિણભાઇ ઢોડીયાનો આંક : ૩૭ નો પુરાવો જોતાં ફરિયાદીને તારીખ : ૩૧/૦૭/૨૦૧૮ ના રોજ ૨૧:૫૬ વાગ્યે આ સાહેદ પાસે લઇ જવામાં આવેલા. ફરિયાદીના માથાના ભાગે ટાંકા હતા તથા મૂઢ મારની ઈજાઓ હતી. આ સાહેદ સમક્ષની હિસ્ટ્રી મુજબ માજીદભાઇ, જુબેરભાઇ તથા ઇમરાનભાઇએ લાકડીથી મારેલ. ફરિયાદીને માથામાં, ખભામાં તથા પગમાં ઈજાઓ હતી અને તે અંગે સારવાર આપી તારીખ : ૦૪/૦૮/૨૦૧૮ ના રોજ રજા આપેલી. ફરિયાદીની સારવારના સર્ટીફીકેટસ આંક : ૩૮ અને આંક : ૩૯ થી રજૂ થયેલ છે. આ સાહેદના પુરાવા મુજબ ફરિયાદીને થયેલ ઈજાઓ સામાન્ય પ્રકારની હતી અને તે ઈજા પડી જવાથી તથા ધારદાર પદાર્થ સાથે અથડાવાથી થઇ શકે તેવી હતી. આમ, આ સાહેદના પુરાવાથી ફરિયાદીએ બનાવમાં થયેલ ઈજાઓ અંગે સારવાર લીધેલ હોવાની હકીકત જણાઇ આવે છે. ફરિયાદીએ ડૉકટર સમક્ષ બનાવની હિસ્ટ્રી જણાવેલ અને વિશેષ નિવેદનમાં બનાવની હકીકત તથા માથામાં ટાંકા આવેલ હોવાની હકીકત લખાવેલી. ફરિયાદીના પુરાવા મુજબ તેઓને લોખંડના દંડાથી મારેલ. જે લોકોએ ઘરે આવીને મારેલ તે આરોપીઓ હતા તેમ જણાવી ઓળખી બતાવેલ છે તથા મુદ્ધામાલ વાંસની લાકડી જોઇ તેનાથી તેઓને મારવામાં આવેલ નથી તેમ જણાવેલ છે. ફરિયાદીનો ઉપરોકત પુરાવો જોતાં કયા ગાડીવાળા સાથે ટક્કર વાગેલ તે સ્પષ્ટ જણાઇ આવતું નથી. મહત્વપૂર્ણ છે કે, આ ગાડીવાળો કોણ હતો તેનો પણ ખુલાસો રેકર્ડ ઉપર નથી. ટક્કર કોની ભૂલના કારણે

વાગેલ તે અંગેની કોઇ હકીકત ફરિયાદી જણાવતાં નથી. આરોપીઓએ જાતિ વિષયક અપમાન કર્યું હોય તેવું ફરિયાદી જણાવતાં નથી. ફરિયાદપક્ષના કેસ મુજબ લાકડાના સપાટાથી આરોપી મોહસીનખાન પઠાણે માર મારેલો, પરંતુ ફરિયાદી લોખંડના દંડાથી માર મારેલાનું જણાવે છે. આમ, ગુનામાં વપરાયેલ હથિયાર અંગે વિરોધાભાસ જણાઇ આવે છે. ફરિયાદીનો સમગ્ર પુરાવો જોતાં કયા આરોપીએ ગુનામાં શું ભૂમિકા ભજવેલ તે સ્પષ્ટપણે જણાઇ આવતું નથી. ઊલટતપાસ જોતાં જણાઇ આવે છે કે, ફરિયાદી પૈસા લેવા પતિ પાસે પૈસા લેવા ગયેલા તથા પૈસા લઇને સાસરીમાં જતા હતા અને ગાળાગાળી થયેલ હોવાની હકીકત ફરિયાદમાં લખાવેલ ન હોવાનું જણાઇ આવે છે. જુબેરભાઇએ સપાટો માર્યાની હકીકત તથા ધર્મેશને વાગેલ હોવાની હકીકત ફરિયાદમાં લખાવેલ ન હોવાનું ફરિયાદી જણાવે છે. ફરિયાદીના પુરાવા મુજબ ગાડીની ટક્કરમાં તેઓને કોઇ ઇજા થયેલ નહીં. વળી, આ ગાડી કોણ ચલાવતું હતું તે અંગે ફરિયાદી કોઇ હકીકત જણાવતાં નથી. ફરિયાદીએ એ બાબતનો ઇન્કાર કરેલ છે કે, આરોપીઓએ ઉધારમાં ચિકન આપવાની ના પાડતાં તેઓ, તેમના પતિ અને તેમના પિતાએ આરોપીઓ સાથે ઝઘડો કરેલ અને તેમાં તેણીના પતિ લાકડીથી આરોપીઓને મારવા જતાં આરોપી મોહસીન ખસી જતાં ફરિયાદીને માથામાં તે ફટકો વાગી ગયેલ. આમ, ફરિયાદીનો સમગ્ર પુરાવો જોતાં કયા આરોપીએ કયું હથિયાર ધારણ કરેલ તે અંગે સ્પષ્ટ પુરાવો જણાતો નથી. કયા આરોપીએ ગાડીથી ટક્કર મારેલ તે સ્પષ્ટ થતું નથી. ફરિયાદમાં ફરિયાદી જણાવે છે કે, આરોપીએ વાંસની લાકડીથી માર મારેલ, જયારે જુબાનીમાં લોખંડના દંડા વડે માર મારેલ હોવાનું જાહેર કરેલ છે. જો કે પોલિસે તપાસના કામે વાંસની લાકડી કબજે કરેલ છે. ફરિયાદીને જુબાનીમાં વાંસની લાકડી બતાવવામાં આવતાં તે જોઇને જણાવેલ છે કે, એ લાકડી નથી જેનાથી તેઓને મારેલ. જો કે તેમના પતિએ આ મુદ્દામાલ લાકડીથી ઇજા થયેલાનું જાહેર કરેલ છે અને લાકડી ઓળખી બતાવેલ છે. વળી, ઊલટતપાસમાં ફરિયાદી જણાવે છે કે, તેઓએ સરકારી હોસ્પિટલમાં માંડવી ખાતે ફરિયાદ આપેલ અને સરદાર સ્મારક હોસ્પિટલ, બારડોલીમાં પણ આપેલ, એટલે કે, આ કામે એક જ બનાવની બે ફરિયાદ

આપવામાં આવેલ હોવાનું ફલિત થાય છે. સાહેદની ઊલટતપાસમાં ફરિયાદથી મહત્વના વિરોધાભાસ ખુલે છે. જેમ કે, સાહેદ ઊલટતપાસમાં સ્વીકારે છે કે, તેઓ સરતપાસમાં જણાવે છે તેવી ગાળાગાળી કરવા લાગેલાની બાબત તેઓએ પોતાની ફરિયાદમાં જાહેર કરેલ નથી, એટલું જ નહીં, સાહેદ ઊલટતપાસમાં સ્વીકારે છે કે, સરતપાસમાં જણાવેલ છે તે જુબેરભાઇએ માથામાં સપાટો મારી દીધેલાનું ફરિયાદમાં જાહેર કરેલ નથી. ફરિયાદી એ પણ સ્વીકારે છે કે, સરતપાસમાં જણાવેલ તેમના પતિને પણ શરીરે, કમરે અને હાથ ઉપર સપાટા અને ધર્મેશને પણ વાગી ગયેલ હોવાની બાબત તેઓએ ફરિયાદમાં જાહેર કરેલ નથી. ફરિયાદી પોતાના પુરાવામાં બનાવમાં તેમના ભાઇ ધર્મેશભાઇને પણ વાગેલ હોવાનું જણાવે છે, પરંતુ સદર કામે ધર્મેશભાઇને સાહેદ તરીકે તપાસવામાં આવેલા નથી. બનાવમાં આરોપીઓએ ચોકકસ શું ભૂમિકા ભજવેલ તે ફરિયાદીના પુરાવામાંથી જણાઇ આવતું નથી. ગુનામાં વપરાયેલ હથિયાર અંગે પણ વિરોધાભાસી હકીકતો ફરિયાદીના પુરાવામાં જણાઇ આવે છે.

(૧૪) ફરિયાદીના પતિ હિતેશભાઇ જમુભાઇ ગામીતનો આંક : ૧૬ નો પુરાવો જોઇએ તો, આ સાહેદ મુન્નાભાઇ મરઘીવાળાને ત્યાં મજૂરીકામ કરે છે અને બનાવના દિવસે ફરિયાદી આ સાહેદના બોલાવવા આવતાં આ સાહેદે વાર લાગશે અને થોડી વાર પછી આવશે તેમ જણાવતાં ફરિયાદી ઘરે જવા નીકળેલ અને રસ્તામાં બાઇકવાળા સાથે ટક્કર લાગતાં બાઇક જોઇને ચલાવવાનું ફરિયાદીએ કહેતાં ઇમરાન તથા અન્યોએ ફરિયાદીને રસ્તો દેખાતો નથી તેમ જણાવી જોઇને ચાલવા જણાવેલ. ફરિયાદી ઘરે ગયેલા ત્યારે ઇમરાન તથા બીજા બે ઇસમોએ આવી સપાટા મારેલા. કોર્ટમા હાજર આરોપીએ ફરિયાદીને સપાટો મારેલાનું આ સાહેદ જણાવે છે, પણ તે કયા આરોપીએ મારેલ તે સ્પષ્ટ થતું નથી. આ સાહેદ પોતાને પણ સપાટો મારેલ હોવાનું તથા તેઓને અને ફરિયાદીને સરકારી દવાખાને અને ત્યાર બાદ સરદાર હોસ્પિટલ લઇ જવામાં આવેલ હોવાનું જણાવે છે. બનાવ અંગે આ સાહેદે ડૉકટર સમક્ષ હિસ્ટ્રી આપેલ. આ સાહેદને આંક : ૩૪ ના સાહેદ ડૉ. પ્રતિકસિંહ પ્રકાશસિંહ દેસાઇએ સારવાર આપેલી,

જેઓ સમક્ષ સાહેદ હિતેશભાઇને તારીખ : ૩૧/૦૭/૨૦૧૮ ના રોજ ૨૧:૫૬ વાગ્યે સારવાર માટે લાવવામાં આવેલા. હિતેશભાઇએ આ સાહેદ સમક્ષ હિસ્ટ્રી આપેલ કે, માજીદભાઇ, જુબેરભાઇ તથા ઇમરાનભાઇએ લાકડીથી ઈજાઓ કરેલી. હિતેશભાઇના ખભા તથા હાથમાં ઈજાઓ જણાયેલી અને તે અંગે સારવાર આપી તારીખ : ૦૪/૦૮/૨૦૧૮ ના રોજ રજા આપેલી. હિતેશભાઇના મેડિકલ સર્ટીફીકેટસ આંક : ૩૫ અને આંક : ૩૬ થી રજૂ થયેલા છે. આમ, ડૉકટર સાહેદના પુરાવાથી હિતેશભાઇએ બનાવમાં થયેલ ઈજાઓ સંદર્ભે સારવાર લીધેલ હોવાની હકીકતને સમર્થન મળે છે. સાહેદ હિતેશભાઇએ મુદ્દામાલ વાંસની લાકડી જોઇ તેના વડે તેઓને તથા ફરિયાદીને મારેલ હોવાનું જણાવે છે, જયારે ફરિયાદી આ લાકડીથી મારેલ નહીં તેમ જણાવે છે, પરંતુ લોખંડના દંડાથી મારેલ હોવાનું જાહેર કરે છે.  આમ, ફરિયાદી તથા તેમના પતિ કે જેઓ બંને બનાવ નજરે જોનાર તથા ઈજા પામનાર સાહેદો છે, તેઓના પુરાવામાં હથિયાર બાબતે મહત્વનો વિરોધાભાસ જણાઇ આવે છે. ફરિયાદી લોખંડનો દંડાથી મારેલાનું જણાવે છે, પણ તે મુજબનો ફરિયાદપક્ષનો કેસ જ નથી અને આવો લોખંડનો દંડો કબજે કરવામાં આવેલ પણ નથી. રસ્તો દેખાતો નથી, જોઇને ચાલ તેવી હકીકત આ સાહેદે પોતાના પોલિસ નિવેદનમાં લખાવેલ નથી. ઉધાર ચિકન લેવા બાબતે ઝઘડો થયેલો અને આ સાહેદ લાકડીથી મોહસીનને મારવા જતાં તેમના પત્નીને વાગી ગયેલો તે બાબતનો ઇન્કાર કરેલ છે. ગાડી સાથે ફરિયાદીને ટક્કર લાગેલ તે બનાવ આ સાહેદે જોયેલ નથી. ફરિયાદીના જણાવ્યા મુજબ તેઓ પૈસા લેવા પોતાના પતિ પાસે ગયેલા, પરંતુ આ હકીકતને સાહેદ હિતેશભાઇના પુરાવાથી સમર્થન મળતું નથી. ફરિયાદી બોલાવવા આવેલા તેમ આ સાહેદ જણાવે છે. લાકડીથી સપાટો કયા આરોપીએ મારેલ તે અંગેની સ્પષ્ટ હકીકત જણાઇ આવતી નથી. આમ, ફરિયાદી તથા તેણીના પતિ સાહેદ હિતેશભાઇના પુરાવામાં મહત્વનો વિરોધાભાસ જણાઇ આવે છે.

(૧૫) સાહેદ દિલીપભાઇ સુખાભાઇ રાઠોડનો આંક : ૧૭ નો પુરાવો જોઇએ તો, આ સાહેદ બનાવના નજરે જોનાર સાહેદ નથી. આ સાહેદને તેમના પત્ની સુધાબેને જાણ કરેલ કે, દીપુબેન અને મોમેડીયન

વચ્ચે ઝઘડો થયેલો. ફળીયામાં શું ઝઘડો થયેલો, કોને વાગેલ, શું બોલાચાલી થયેલ તે અંગે આ સાહેદને કશી માહિતી નથી અને આ સાહેદ આરોપીઓને ઓળખતા પણ નથી. સાહેદ રાકેશભાઇ મોહનભાઇ રાઠોડનો આંક : ૧૮ નો પુરાવો જોઇએ તો, આ સાહેદ ફરિયાદીના બનેવી થાય છે, પરંતુ દીપુબેનને કોણે માર મારેલ તેની આ સાહેદને ખબર નથી. આ સાહેદ ઘરે આવેલા ત્યારે લડાઇ પૂરી થઇ ગયેલ હતી. ઝઘડો કોની કોની વચ્ચે થયેલો તેની આ સાહેદને ખબર નથી. આ સાહેદ દીપુબેનને સારવાર માટે લઇ ગયેલા નહીં. આ સાહેદની હાજરીમાં ઝઘડો–તકરાર થયેલ નથી. આ સાહેદ પણ આરોપીઓને ઓળખતા નથી. ફરિયાદ કોણે આપેલી તેની પણ આ સાહેદને ખબર નથી. સાહેદ આરતીબેન રાકેશભાઇ રાઠોડનો આંક : ૧૯ નો પુરાવો જોઇએ તો, આ સાહેદ ફરિયાદીના બહેન થાય છે અને આ સાહેદના પુરાવા મુજબ દીપુબેનને કોઇ સાથે ઝઘડો થતાં તેમાં દીપુબેનને ઇજા થયેલી, જેથી આ સાહેદ દીપુબેનને માંડવી સરકારી દવાખાને અન્ય લોકો સાથે લઇ ગયેલા. પણ દીપુબેનને કોણે માર મારેલો તેની આ સાહેદને ખબર નથી. આ સાહેદ ઘરે આવેલ ત્યારે લડાઇ પૂરી થઇ ગયેલ હતી. આ સાહેદની હાજરીમાં ઝઘડો થયેલો નથી અને કોની કોની વચ્ચે ઝઘડો થયેલો તેની આ સાહેદને ખબર નથી. આ તમામ સાહેદોને ફરિયાદપક્ષ તરફે ફરી ગયેલા સાહેદ તરીકે જાહેર કરવામાં આવેલા છે. આ તમામ સાહેદોનો પુરાવો જોતાં દીપુબેનને ઝઘડો થયેલાનું જણાઇ આવે છે, પરંતુ કોની સાથે ઝઘડો થયેલો તેની આ સાહેદોને ખબર નથી. આ સાહેદોને બનાવની જાત માહિતી નથી અને ઝઘડાનો બનાવ આ સાહેદોએ નજરે જોયેલ નથી. આરોપીઓએ ફરિયાદી સાથે ઝઘડો કર્યો હોય તેવી કોઇ હકીકત આ સાહેદો જણાવતાં નથી. આ તમામ સાહેદોના પુરાવામાંથી આરોપીઓ વિરૂદ્ધની કોઇ જ હકીકત જણાઇ આવતી નથી અને તેઓનો પુરાવો ફરિયાદપક્ષને મદદરૂપ બનતો નથી.

(૧૬) સાહેદ અસલમ ઐયુબભાઇ શેખનો આંક : ૪૨ નો પુરાવો જોઇએ તો, આ સાહેદ બનાવના મુન્નાભાઇ સાથે ચિકનની દુકાન ચલાવે છે અને બનાવના દિવસે દુકાનનો કચરો નાખવા ખાડી તરફ ગયેલા, જેથી આ સાહેદને બનાવની કોઇ માહિતી નથી. આ સાહેદ ફરિયાદી તથા તેણીના

પતિને ઓળખે છે, પરંતુ તેઓ સાથે આરોપીઓએ ગાળાગાળી કરી માર મારેલ હોય તેની આ સાહેદને કશી ખબર નથી. આ સાહેદને બનાવ અંગે પાછળથી પણ કાંઇ જાણવા મળેલ નહીં. હિતેશભાઇ દુકાને હતા ત્યારે ફરિયાદી બોલાવવા આવેલ અને થોડી વારમાં આરોપીઓએ આવી ફરિયાદી તથા હિતેશભાઇ સાથે ગાળાગાળી કરી લાકડાના સપાટા મારેલ હોવાનો બનાવ બનેલ નથી તેમ આ સાહેદ જણાવે છે. સાહેદ જયોતિબેન મહેન્દ્રભાઇ ચૌધરીનો આંક : ૪૩ નો પુરાવો જોઇએ તો, આ સાહેદ બનાવ સમયે ઘરમાં જમવાનું બનાવતા હતા અને ઘર પાસે અવાજ આવતાં બહાર નીકળેલા ત્યારે રોડ ઉપર લોકોનું ટોળુ હતું, પણ આ સાહેદ ત્યાં ગયેલા નહીં. આ સાહેદે બનાવ જોયેલ નથી અને તેઓને બનાવની કોઇ માહિતી નથી. ફરિયાદી તથા હિતેશભાઇને આરોપીઓએ માર માર્યો હોય તેની આ સોહદને ખબર નથી. સાહેદ મુસ્તાકભાઇ સાલેભાઇ રાવતનો આંક : ૪૫ નો પુરાવો જોઇએ તો, આ સાહેદ બનાવના દિવસે પોતાની ચિકનની દુકાને હાજર હતા અને સાંજે પોણા આઠ વાગ્યે દુકાન બંધ કરી ઘરે ગયેલા. ત્યાર બાદ શું બનેલું તેની આ સાહેદને ખબર નથી. આ સાહેદના પુરાવા મુજબ તેઓના ઘરની પાસે કોઇ ઇસમો ઝઘડો–બોલાચાલી કરતાં હોય તે આ સાહેદે સાંભળેલ નથી. આરોપીઓએ ફરિયાદી તથા હિતેશભાઇ સાથે ઝઘડો કરી માર મારેલ હોય કે જાતિ વિષયક અપમાન કરેલ હોય તેવું બનેલ નથી તેમ આ સાહેદ જણાવે છે. આ તમામ સાહેદોને ફરિયાદપક્ષ તરફે ફરી ગયેલા સાહેદ તરીકે જાહેર કરવામાં આવેલા છે. આ તમામ સાહેદોએ બનાવ નજરે જોયેલ નથી અને આ સાહેદોને બનાવ અંગે પાછળથી પણ કાંઇ જાણવા મળેલ નહીં. આ સાહેદોના પુરાવાથી આરોપીઓએ ફરિયાદી તથા હિતેશભાઇ સાથે ઝઘડો કર્યો હોય, લાકડાના સપાટાથી માર મારેલ હોય કે જાતિ વિષયક અપશબ્દો કહ્યા હોય તેવી કોઇ હકીકત ફલિત થતી નથી.

(૧૭) સાહેદ અમિતાબેન ધર્મેશભાઇ રાઠોડનો આંક : ૨૦ નો પુરાવો જોઇએ તો, આ સાહેદ બનાવના દિવસે સાંજના સમયે રસોઇ બનાવી, જમી પરવારી વાસણ માંજવા ગયેલા અને ત્યાર બાદ જુબેર તથા અન્ય બે ઇસમોએ આ સાહેદના નણંદ ફરિયાદી દીપુબેન સાથે મારામારી કરેલી.

દીપુબેન અને મંગલભાઇને સરકારી દવાખાને અને ત્યાર બાદ બારડોલી સરદાર હોસ્પિટલ લઇ ગયેલા. આ સાહેદની ઊલટતપાસ જોતાં જણાઈ આવે છે કે, તેઓને બનાવની કોઇ જાત માહિતી નથી અને બનાવ નજરે જોયેલ નથી. ફરિયાદી દીપુબેન અને મંગુબનન પહેલાથી દેશી દારૂ વેચતા હતા. સદર સાહેદ આરોપી જુબેર તથા અન્યએ ફરિયાદી સાથે મારમારી કરેલાનું જણાવે છે, પરંતુ આ સાહેદે બનાવ નજરે જોયેલ નથી અને તેઓને બનાવની કોઇ જાત માહિતી નથી. સદર સાહેદ તેમની જુબાનીમાં માત્ર આરોપી જુબેરના નામનો ઉલ્લેખ કરે છે. બાકીના આરોપીઓના નામ જણાવતાં નથી કે આરોપીઓએ ફરિયાદી કે તેમના પતિને જ્ઞાતિ વિષયક ગાળો આપી જાહેરમાં અપમાનિત કરેલ હોવાની પણ કોઈ વિગત જાહેર કરતાં નથી. વળી, ઊલટતપાસમાં સાહેદ સ્વીકારે છે કે, બનાવની તેઓને જાત માહિતી નથી કે તેઓએ બનાવ નજરોનજર જોયેલ નથી. સાહેદ એ પણ સ્વીકારે છે કે, આરોપી તેમના ફળીયામાં દુકાન ધરાવતા હોઇ તેઓને પહેલેથી ઓળખે છે. સાહેદની ઊલટતપાસમાં ફરિયાદી અગાઉ દેશી દારૂ વેચતા હોવાનું પણ જાહેર થયેલ છે.

(૧૮) સાહેદ ધીરૂભાઈ દુર્લભભાઈ રાઠોડના આંક : ૨૧ ના પુરાવા મુજબ જુબેરભાઇ, વસીમભાઇ તથા અન્ય એક ઇસમે તેઓ સાથે ગાળાગાળી કરેલી અને પછી તેઓ છૂટા પડેલા અને ત્યાર બાદ ફરીથી આવી તેઓ સાથે મારામારી કરેલી અને આ સાહેદની દીકરી એટલે કે ફરિયાદી દીપુને માથાના ભાગે ઈજા કરેલી તથા જમાઇને મારેલ. ફરિયાદી તથા જમાઇને સારવાર માટે હોસ્પિટલ લઇ ગયેલાનું આ સાહેદ જણાવે છે. બનાવના દિવસે આરોપીની દુકાને ગયેલા તે બાબતનો આ સાહેદે ઇન્કાર કરેલ છે. તેઓ, ફરિયાદી તથા જમાઈ લાકડા તથા સળીયા લઈ આરોપીઓને મારવા ગયેલા તે બાબતનો પણ ઈન્કાર કરેલ છે. આરોપીઓને મારવા જતાં ફરિયાદી વચ્ચે આવી જતાં તેને વાગી ગયેલ હોવાનો તથા આરોપીઓએ તેઓને, જમાઇને તથા દીકરીને મારેલ નથી તે બાબતનો ઈન્કાર કરેલ છે. આ સાહેદનો પુરાવો જોતાં બનાવ સમયે કયા આરોપીના હાથમાં શું હતું, કોણે કોને કઇ રીતે મારેલ તે અંગેની કોઇ સ્પષ્ટ હકીકત જણાઇ આવતી નથી. સાહેદ ધીરૂભાઈની જુબાની મોઘમ

છે, સ્પષ્ટ નથી. બનાવ સમયે કયા આરોપીના હાથમાં શું હતું, કોણે કોને કઇ રીતે મારેલ તેનો ખુલાસો નથી. આરોપીઓએ ગાળાગાળી કરેલ હોવાનું સાહેદે જાહેર કરેલ છે, પરંતુ કયા શબ્દો હતા અને કોણે કોને કહેલા તેની સ્પષ્ટતા નથી. આરોપીઓએ ગાળાગાળી કરેલ હોવાનું આ સાહેદ જણાવે છે, પરંતુ આરોપીઓએ ચોકકસ કઇ ગાળો આપી, કયા શબ્દો બોલ્યા તે અંગેની કોઇ હકીકત સદર સાહેદના પુરાવામાંથી જણાઇ આવતી નથી.

(૧૯) ડૉ. કાનન મહાવીર દત્તાણીનો આંક : ૪૦ ના પુરાવા મુજબ તારીખ : ૦૨/૦૮/૨૦૧૮ ના રોજ આરોપી મોહસીન પઠઆણનાઓ આ સાહેદ સમક્ષ સારવાર માટે આવેલા. આરોપીને જમણી આંખ ઉપર ઈજા થયેલ હોવાથી માંડવી સી.એચ.સી. ખાતે ટાંકા લેવામાં આવેલ હતા. આ સાહેદના જણાવ્યા મુજબ આરોપીને તપાસતાં ચશ્મા સાથે નજર ૬ x ૬ હતી, ચશ્માના નંબર જમણી આંખમાં –૧ ડીએસ/૦.૫ સીલીન્ડર સીવાયએલ/૧૧૦ ડીગ્રી હતા, ડાબી આંખમાં –૧ ડીએસ હતા. આ સાહેદે આરોપીને આંખમા લગાવવા મલમ આપેલ અને આંક : ૪૧ નું સર્ટીફીકેટ આપેલું. ઊલટતપાસ જોતાં જણાઇ આવે છે કે, દર્દીએ બનાવની હકીકત જણાવલી, જે આ સાહેદે નોંધી લીધેલી. આરોપીના જણાવ્યા મુજબ તેઓને માર મારવાથી ઈજા થયેલી. આમ, સદર સાહેદનો પુરાવો જોતાં આરોપી મોહસીનને આંખના ભાગે ઈજા થયેલ હોવાની અને તે અંગે સારવાર લીધેલ હોવાની હકીકત જણાઇ આવે છે.

(૨૦) ફરિયાદપક્ષ તરફે આંક : ૨૪ થી પંચ સાહેદ જયેશભાઇ બચુભાઇ ઢીમ્મરને તપાસવામાં આવેલા છે. આ પંચ સાહેદનો પુરાવો જોતાં જણાઇ આવે છે કે, આ પંચ સાહેદને માંડવી પોલિસ સ્ટેશનમાં પંચ તરીકે બોલાવી લખેલા પંચનામામાં સહી લેવામાં આવેલી. પંચનામું કઇ બાબતનું હતું તેની આ સાહેદને ખબર નથી. આ સાહેદને કોઇ જગ્યાએ લઇ જવામાં આવેલ ન હતા. આ પંચ સાહેદ રૂબરૂ ગુનાવાળી જગ્યાનું પંચનામું કરવામાં આવેલ નથી. તૈયાર પંચનામામાં આ પંચ સાહેદની સહી લેવામાં આવેલ હોવાની હકીકત રેકર્ડ ઉપર આવે છે. આંક : ૨૫ ના પંચનામામાં સદર પંચ સાહેદે પોતાની સહી ઓળખી બતાવેલ છે. સદર પંચ સાહેદને હોસ્ટાઇલ

જાહેર કરવામાં આવેલા છે અને તેઓની આરોપીઓ તરફે કોઈ ઊલટતપાસ કરવામાં આવેલ નથી. આમ, સદર પંચ સાહેદનો પુરાવો જોતાં પંચનામાની કાર્યવાહી પૂરવાર થતી નથી અને સદર સાહેદે તૈયાર પંચનામામાં સહી કરેલ હોવાની હકીકત રેકર્ડ ઉપર આવે છે. સદર પંચ સાહેદના પુરાવાથી આંક : ૨૫ નું પંચનામું પૂરવાર થઇ શકેલ નથી.

(૨૧) ફરિયાદપક્ષ તરફે આંક : ૩૦ થી પંચ સાહેદ ઠાકોરભાઇ નગીનભાઈ તવડીયાને તપાસવામાં આવેલા છે. આ પંચ સાહેદનો પુરાવો જોતાં જણાઈ આવે છે કે, આ પંચ સાહેદને પણ માંડવી પોલિસ સ્ટેશનમાં પંચ તરીકે બોલાવી લખેલા પંચનામામાં સહી લેવામાં આવેલી. આ પંચ સાહેદ રૂબરૂ કોઈ મુદ્દામાલ કબજે કરવામાં આવેલ નથી કે કોઈ આરોપીઓને અટક કરવામાં આવેલા નથી. આ પંચ સાહેદ રૂબરૂ આરોપીઓની અટક અંગેનું પંચનામું કરવામાં આવેલ નથી. તૈયાર પંચનામામાં આ પંચ સાહેદની સહી લેવામાં આવેલ હોવાની હકીકત રેકર્ડ ઉપર આવે છે. આંક : ૩૧ ના પંચનામામાં સદર પંચ સાહેદે પોતાની સહી ઓળખી બતાવેલ છે. સદર પંચ સાહેદને હોસ્ટાઇલ જાહેર કરવામાં આવેલા છે અને તેઓની આરોપીઓ તરફેની ઊલટતપાસમાં જણાવેલ છે કે, પોલિસે લખેલા પંચનામા ઉપર સહી લીધેલી. આમ, સદર પંચ સાહેદનો પુરાવો જોતાં આ પંચ સાહેદ રૂપરૂ પંચનામાની કાર્યવાહી થયેલ નથી અને સદર સાહેદે તૈયાર પંચનામામાં સહી કરેલ હોવાની હકીકત જણાઈ છે. સદર પંચ સાહેદના પુરાવાથી આંક : ૩૧ નું પંચનામું પૂરવાર થઇ શકેલ નથી.

(૨૨) સાહેદ રંજનબેન ભીખુભાઈ ગાવીતનો આંક : ૫૪ નો પુરાવો જોતાં જણાઈ આવે છે કે, આ સાહેદ તારીખ : ૦૧/૦૮/૨૦૧૮ ના રોજ માંડવી પોલિસ સ્ટેશનમાં પી.એસ.ઓ. તરીકે ફરજ ઉપર હતા ત્યારે આ કામની ફરિયાદ આવતાં ગુનો રજીસ્ટર કરેલો અને વાયરલેસ મેસેજથી સ્પેશ્યલ રિપોર્ટ કરેલ. આંક : ૫૫ થી સ્ટેશન ડાયરીની નકલ રજૂ થયેલ છે. આમ, સદર સાહેદનો પુરાવો જોતાં તેઓએ ફકત ફરિયાદ નોંધવાની કામગીરી કરેલ હોવાનું જણાઈ આવે છે.

(૨૩) સદર ગુનાની તપાસ આંક : ૫૭ ના સાહેદ જગદીશભાઇ ઇશ્વરભાઇ વસાવાનાઓએ કરેલી. આ સાહેદને સદર ગુનાની તપાસ મળતાં તેઓએ ફરિયાદીની જાતિનો દાખલો મેળવેલ, લાગતા વળગતા સાહેદોના નિવેદનો લીધેલા, ગુનાવાળી જગ્યાનું પંચનામું કરેલું, ગુનામાં વપરાયેલ લાકડી પંચનામા અન્વયે કબજે કરેલ, આરોપીઓને અટક કરેલા, ઇજા પામનારના સારવાર સર્ટીફીકેટ મેળવેલા અને આરોપીઓ વિરૂદ્ધ પૂરતાં પુરાવા જણાતાં અદાલતમાં ચાર્જશીટ કરેલું. આ સાહેદની જુબાની દરમ્યાન આંક : ૫૮ થી તપાસ અધિકારી તરીકે નિમણૂંકનો હુકમ તથા આંક : ૫૯ થી સૂચિપત્ર રજૂ થયેલ છે. સદર સાહેદે મુદ્દામાલ આર્ટિકલ નંબર : ૧ ઓળખી બતાવેલ છે. આ સાહેદની ઊલટતપાસ જોતાં જણાઇ આવે છે કે, મોટરસાઇકલ ચાલકનું આ સાહેદે નિવેદન લીધેલ નથી, કારણ કે મોટરસાઇકલનો નંબર ફરિયાદમાં ખુલવા પામેલ ન હતો. ફરિયાદી આરોપીઓને મારવા હથિયાર સાથે ગયેલ હોવાનું તપાસમાં ખુલેલ હોવાનો તથા આરોપીઓએ ફરિયાદીને ઉધારમાં ચિકન ન આપતાં ખોટી ફરિયાદ કરેલ હોવાનો સદર સાહેદે ઇન્કાર કરેલ છે. આમ, સદર સાહેદનો પુરાવો જોતાં તેઓએ સદર ગુનાની સમગ્ર તપાસ કરેલ હોવાની તથા આરોપીઓ વિરૂદ્ધ ચાર્જશીટ દાખલ કરેલ હોવાની હકીકત જણાઇ આવે છે. સદર સાહેદે તપાસ દરમ્યાન કરેલ કામગીરીને પોતાના પુરાવાથી સમર્થન આપેલ છે. અલબત્ત, સદર સાહેદના પુરાવામાંથી આરોપીઓ વિરૂદ્ધની કોઇ હકીકત જણાઇ આવતી નથી. ફરિયાદમાં જે મોટરસાઇકલ સાથે ટક્કર લાગેલ હોવાનો ઉલ્લેખ છે તે મોટરસાઇકલનો નંબર ખુલવા પામેલ ન હોવાની હકીકત સદર સાહેદના પુરાવામાંથી જણાઇ આવે છે. વધુમાં આરોપી મોહસીનનો આંખ ઉપર થયેલ ઇજાનો પણ કોઇ ખુલાસો સાહેદની જુબાનીથી ખુલતો નથી.

(૨૪) આમ, ઉપરોકત તમામ હકીકતો ધ્યાને લેતાં આ કામના ફરિયાદી અનુસૂચિત જનજાતિના સભ્ય હોવાની હકીકત પૂરવાર થાય છે, પરંતુ આરોપીઓએ ફરિયાદી કે તેઓના પતિને જાતિ વિષયક અપશબ્દો કહી અપમાનિત કર્યા હોય તેવું પૂરવાર થઇ શકેલ નથી. ફરિયાદી તથા તેણીના પતિનો પુરાવો જોતાં ગુનામાં વપરાયેલ હથિયાર અંગે વિરોધાભાસ જણાઇ

આવે છે. તપાસવામાં આવેલા સાહેદોના પુરાવાથી આરોપીઓએ ગુનામાં શું ભૂમિકા ભજવી તે અંગનો સ્પષ્ટ પુરાવો જણાઇ આવતો નથી. ફરિયાદીના જણાવ્યા મુજબ તેઓ પોતાના પતિ પાસે પૈસા લેવા ગયેલા, જયારે આ સાહેદના પતિ હિતેશભાઇના પુરાવા મુજબ ફરિયાદી તેમને બોલાવવા આવેલા, જે પણ મહત્વનો વિરોધાભાસ જણાઇ આવે છે. ફરિયાદી પરત ઘરે જતા હતા ત્યારે કયા બાઇકવાળાએ ટક્કર મારેલ તે બાઇકવાળા ઇસમ કે ટક્કર અંગેનો સ્પષ્ટ પુરાવો જણાઇ આવતો નથી. આરોપીઓએ ફરિયાદીને જાતિ વિષયક અપમાન શબ્દો કહ્યા હોય તેવી કોઇ હકીકત સાહેદોના પુરાવાથી રેકર્ડ ઉપર આવી શકેલ નથી. આરોપીઓએ ગુનામાં ચોક્કસ શું ભૂમિકા ભજવેલ તે ફરિયાદપક્ષ પૂરવાર કરી શકેલ નથી. જે ગાડીથી ટક્કર લાગેલ હોવાનું ફરિયાદી જણાવે છે તે ગાડી કોણ ચલાવતા હતા તે અંગે બનાવ નજરે જોનાર સાહેદ ફરિયાદી કોઇ હકીકત જણાવતાં નથી. સાહેદ દિલીપભાઇ રાઠોડ, અસલમ શેખ, અમિતાબેન રાઠોડનાઓને બનાવ અંગેની કોઇ માહિતી નથી અને તેઓએ બનાવ નજરે જોયેલ નથી. સાહેદ ધીરૂભાઇના પુરાવામાંથી પણ બનાવ સમયે કયા આરોપીએ કયું હથિયાર ધારણ કરેલ, કોણે કોને મારેલ તે અંગેની કોઇ સ્પષ્ટ હકીકત જણાઇ આવતી નથી. પંચ સાહેદોએ પંચનામાની હકીકતોને સમર્થન આપેલ નથી. પોલિસ સાહેદ રંજનબેને ફરિયાદ આધારે ગુનો દાખલ કરેલ હોવાનો પુરાવો આપેલ છે, પરંતુ આરોપી મોહસીનની જમણી આંખ ઉપર થયેલ ઇજા અંગેનો કોઇ ખુલાસો કરતાં નથી. આમ, ઉપરોકત તમામ હકીકતો ધ્યાને લેતાં ફરિયાદપક્ષ આરોપીઓ સામેનો કેસ નિઃશંકપણે પૂરવાર કરી શકેલ ન હોવાથી **મુદ્દા નંબર : ૧ નો નિર્ણય નકારમાં** આપી મુદ્દા નંબર : ૨ ના નિર્ણય અન્વયે નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

**-:: હુ ક મ ::-**

(૧) આ કામના આરોપીઓ (૧) જુબેરખાન યાહ્યાખાન પઠાણ, (૨) ઇમરાનખાન યાહ્યાખાન પઠાણ તથા (૩) મોહસીનખાન યાહ્યાખાન પઠાણનાઓને ક્રિમિ. પ્રોસી. કોડની કલમ-

૨૩૫(૧) અન્વયે ભારતીય દંડ સંહિતાની કલમ– ૩૨૩, ૩૨૪, ૫૦૪, ૧૧૪, અનુસૂચિત જાતિ– અનુસૂચિત જનજાતિ (અત્યાચાર નિવારણ) સુધારણા અધિનિયમની : ૨૦૧૫ ની કલમ–૩(૧)(આર), ૩(૨)(૫–અ) મુજબના શિક્ષાને પાત્ર ગુનાઓમાંથી શંકાનો લાભ આપી છોડી મૂકવાનો હુકમ કરવામાં આવે છે.

(૨) મુદ્દામાલ વાંસની લાકડીનો અપીલ સમય વીત્યા બાદ નાશ કરવાનો હુકમ કરવામાં આવે છે.

(૩) ક્રિમિનલ પ્રોસીજર કોડની કલમ–૪૩૭(એ) અન્વયે દરેક આરોપીએ રૂા.૧૦,૦૦૦/– અંકે રૂપિયા દસ હજાર પૂરાના ૬(છ) મહિનાના સમયગાળા સુધીના જામીન તથા જાત મુચરકા અત્રેની અદાલતમાં રજૂ કરવા તેવો હુકમ કરવામાં આવે છે.

હુકમ આજ **તારીખ :** ૩૦ મી**, માહે :** જૂન**, સને :** ૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કરવામાં આવ્યો.

**તારીખ :** ૩૦/૦૬/૨૦૨૬.
**બારડોલી.**

**( નરેશકુમાર રોશનલાલ જૈન )**
સ્પેશ્યલ જજ તથા
પાંચમા એડીશ્નલ સેશન્સ જજ**,** સુરત**,**
મુકામ : બારડોલી**,** જિલ્લો : સુરત.
U.I. CODE– GJ00582